# પોશીનામાં રહેણાંક મકાનમાં ગેસનો બાટલો ફાટતા આગ ભભૂકી

## આગ લાગતા પળવારમાં જ રસોઈનું તમામ ફર્નીચર બળીને ખાખ

ખેડબ્રહ્મા, તા.૧૦

ખેડબ્રહ્મા નજીકના પોશીના ગામે વાણીયા શેરી વિસ્તારના રહેણાંક મકાનમાં ગેસનો બાટલો ફાટતા રસોડામાં આગ ભભૂકી ઉઠી હતી અને ક્ષણવારમાં જ તમામ ફર્નીચર બળીને ખાખ થઈ ગયું હતું.

પોશીના ગામે આવેલ વાણીયા શેરી વિસ્તારમાં સુમતીલાલ ડુંગરદાસ જોષી પોતાના પરિવાર સાથે રહે છે. સુમતીલાલની પત્ની આજે વહેલી સવારે રહેણાંક મકાનના રસોડામાં રસોઈ બનાવી રહી હતી અને અચાનક જ ગેસનો બાટલો ખાલી થઈ જતા તુરંત બીજો ભરેલો ગેસનો બાટલો લગાવી પુનઃ રસોઈ કરવા લાગ્યા જયાં અચાનક જ ગેસ લીકેજ થતા ક્ષણવારમાં જ આગે વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું હતું અને ચારે બાજુ આગના ભડકા અને ધુમાડો થતા રસોઈમાં કામ તરતી મહિલા તુરંત ઘરમાંથી બહાર દોડી આવી હતી. જેથી મહિલાનો આબાદ બચાવ થયો હતો જો કે આગ વચ્ચે મહિલા હાથે થોડી દાઝી ગઈ હતી. આસપાસના રહીશો દોડી આવ્યા હતા અને પાણીનો મારો કરી આગને કાબુમાં લીધી હતી. થોડીવારમાં જ આગ એટલી ભયાનક થઈ હતી કે રસોડાનું તમામ ફર્નીચર બળીને ખાખ થઈ ગયું હતું.



**વિશ્વ મહિલા દિન નિમિત્તે ખેડબ્રહ્મામાં ઉત્કૃષ્ઠ કામગીરી કરનાર આશાઓનું સન્માન કરાયું**

સાબરકાંઠા જિલ્લાના અંતરિયાળ અને દુર્ગમ એવા ખેડબ્રહ્મા તાલુકાના ગઢડા શામળાજી ગામના કૃષ્ણ મંદિરમાં આરોગ્યની સેવાઓ આપતી આશા બહેનોને વિશ્વ મહિલા દિન નિમિત્તે શાલ ઓઢાડી તથા સન્માન પત્ર આપી તેમની કામગીરીને બીરદાવવામાં આવી હતી. આ પ્રસંગે સાબરકાંઠા જિલ્લા પંચાયતના આરોગ્ય સમિતિના ચેરમેન મુળજીભાઈ પટેલે આશા બહેનોને તેમના વરદ હસ્તે શાલ ઓઢાડી સન્માનપત્ર એનાયત કર્યા હતા. ખેડબ્રહ્મા તથા પોશીના તાલુકાની કુલ ૧૫૩ જેટલી આશા બહેનો ઉપસ્થિત રહી હતી. તાલુકા હેલ્થ ઓફિસર ડૉ. એચ.એસ. ગઢવી દ્વારા વિશ્વ મહિલા દિન શા માટે ઉજવવામાં આવે છે તે અંગે વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનું સમગ્ર સંચાલન તાલુકા આઈ.ઈ.સી. ઓફિસર રાજેન્દ્રસિંહ વાઘેલા તથા તાલુકા હેલ્થ સુપરવાઈઝર અક્ષય પંડયા દ્વારા કરવામાં આવેલ હતું. (તસવીર : રમેશ વૈષ્ણવ)

અરવલ્લી જીલ્લામાં ૧૦૦ સરકારી પ્રતિનિધીઓને ત્રીજા નેત્રની જવાબદારી

# પરીક્ષા કેન્દ્રો પર સ્કવોર્ડના બદલે સીસીટીવી કેમેરાથી બાજ નજર રખાશે

## સરકારી પ્રતિનિધિએ જ સ્કવોર્ડની કામગીરી સંભાળવાની રહેશે

(સમીર બલોચ) મોડાસા, તા.૧૦

ગુરૂવારના રોજથી ધો-૧૦ અને ૧૨ની પરીક્ષાનો પ્રારંભ થઈ રહયો છે. અરવલ્લી જીલ્લામાં ધો-૧૨ સામાન્ય પ્રવાહમાં ૧૧૧૯૦ વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે અને વિજ્ઞાન પ્રવાહમાં ૨૮૮૦ વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે. જયારે ધો-૧૦માં ૬૯૦ બ્લોક પરથી ૨૦૭૦૦ વિધાર્થીઓ અરવલ્લી જીલ્લામાં પરીક્ષા આપશે.

હાલ સમગ્ર ગુજરાત રાજયમાં સ્વાઈન ફલુના પગલે લોકોમાં ભયનો માહોલ ફેલાયેલો છે ત્યારે આ વખતે પરીક્ષાના પ્રથમ દિવસે અરવલ્લી જીલ્લામાં સેન્ટર ઉપર બાળકોને વિના મુલ્યે માસ્ક આપવામાં આવશે તેમજ સ્વાઈન ફલુના રોગ અંગેની પત્રીકા પણ આપવામાં આવશે. જયારે આ વખતે જીલ્લાના તમામ સેન્ટરો ઉપર સ્કવોડની જગ્યાએ સીસીટીવી કેમરા તમામ સેન્ટર ઉપર બાજ નજર રાખશે તેવુ આયોજન કરવામાં આવ્યું છે. જયારે અરવલ્લી જીલ્લામાં આ વખતે ત્રીજા નેત્ર તરીકેની જવાબદારી ૧૦૦ જેટલા સરકારી પ્રતીનીધીઓને સોપવામાં આવી હતી.

સરકારી પ્રતીનીધીઓ કંટ્રોલ રૂમ ઉપરથી પેપર તેમજ અન્ય સાહીત્ય ગુપ્ત રીતે ઝોનલ કચેરીએ લઈ આવે તે માટે મોડાસાની સરસ્વતી વિદ્યાલય ખાતે સુવિધા ઉભી કરવામાં આવી છે. સરસ્વતી વિદ્યાલય મોડાસા ખાતે સરકારી પ્રતીનીધીઓની એક બેઠક ડીઈઓની હાજરીમાં મળી હતી. જેમાં સીસીટીવી કેમેરાનુ સતત મોનીટરીંગ કરવાની સુચના આપી હતી અને કોઈપણ સ્કવોર્ડ આ વખતે કેન્દ્ર ઉપર બોર્ડ ધ્વારા મોકલવામાં ન આવનાર હોઈ સરકારી પ્રતીનીધી એ જ આ વખતે સ્કવોર્ડની કામગીરી સંભાળવાની રહેશે. ટુંકમાં જીલ્લામાં આ વખતે પ્રથમવાર તમામ પરીક્ષા ત્રીજા નેત્ર તરીકે ઓળખાતા સીસીટીવી કેમેરાની નીગરાનીમાં પરીક્ષા લેવાનુ આયોજન કરવામાં આવ્યુ છે.

# સરકારી કચેરીઓમાં કામ કરાવી આપવાની લાલચ આપનારા ઈસમોના પ્રવેશ પર પ્રતિબંધ

પાલનપુર, તા. ૧૦

બનાસકાંઠા જિલ્લાના કાર્યક્ષેત્ર હેઠળના વિસ્તાર જેવા કે કલેકટર કચેરી, જિલ્લા ન્યાયાલય, જિલ્લા પંચાયત કચેરી, જિલ્લા સેવા સદન-૨ બિલ્ડીંગમાં આવેલ કચેરીઓ, નગરપાલિકા કચેરી, -ાદેશિક વાહન વ્યવહાર અધિકારીની કચેરી વગેરેમાં જાહેર જનતાને લગતી કામગીરી કરવામાં આવે છે. આ સિવાયની અન્ય સરકારી કચેરીઓમાં પણ રોજે રોજ મોટા -માણમાં જાહેર જનતા પોતાના કામ માટે આવતી હોય છે. તાજેતરમાં કેટલાક બનાવો પરથી ઉક્ત તમામ કચેરીઓની આસપાસ તથા નજીકના સ્થળે કેટલાક ઈસમો એકલા અથવા ટોળી બનાવીને જાહેરજનતાની છેતરપીડી કરી પૈસા પડાવે છે. અથવા તો ગેરકાયદેસરની -વૃત્તિઓ કરી ઉલટી સીધી વાતો કરી ભોળવીને કે ગેરમાર્ગે દોરી કામ કરાવવા કે, તેવી લાલચ આપવા જેવી -વૃત્તિઓ કરી રહેલ હોવાનું જણાઈ આવેલ છે.

દિલીપ રાણા આઈ.એ.એસ. જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, બનાસકાંઠા પાલનપુરને ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મળેલ સત્તાની રૂએ કલેકટર કચેરી (જિલ્લા સેવા સદન), જિલ્લા ન્યાયાલય, જિલ્લા પંચાયત કચેરી, જિલ્લા સેવા સદન-૨ બિલ્ડીંગમાં આવેલ કચેરીઓ, નગરપાલિકા કચેરી, -ાદેશિક વાહન વ્યવહાર અધિકારીની કચેરી કે જયાં મોટા -માણમાં જાહેર જનતા પોતાના કામ માટે આવતી હોય તેવી અને તમામ સરકારી કચેરીઓમાં પણ રોજે રોજ મોટા -માણમાં જાહેરજનતા પોતાના સરકારી કામ માટે આવતી હોય અથવા કામ કરતા હોય તેવા અથવા વ્યાજબી કામ સબબ આવેલ હોય તે સિવાયના અનઅધિકૃત ઈસમો કે ઈસમોની ટોળી, આ કચેરીઓમાં આવતી જાહેર જનતા અજદારોને ગેરમાર્ગે દોરી કામ કરાવવા કે તેવી લાલચ આપવા જેવી -વૃત્તિ કરી રહેલ ઈસમોના -વેશ પર -તિબંધ મુકવા હુકમ કરવામાં આવે છે.

જો કોઈ વ્યક્તિ કે ઈસમ ઉપર મુજબના નિયમોનો ભંગ કરશે તો ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર ઠરશે.

# અંબાજીમાં ૮૧૩ વિકાસ કામ માટે કુલ ૨૪૩ કરોડ

## એક જ સમયે એક જ સ્થળ પર વિશ્વભરની શક્તિપીઠના દર્શનનું આયોજન થઈ ચુક્યું છે : શ્રદ્ધાળુઓનો ધસારો

અમદાવાદ,તા. ૧૦

વિશ્વ પ્રસિદ્ધ અંબાજી મંદિરની વાર્ષિક આવક ૪૮ કરોડથી ઉપર પહોંચી ગઈ છે. ગુજરાત સરકાર સંચાલિત શ્રી આરાસુરી અંબાજી માતા દેવાસ્થાન ટ્રસ્ટની વાર્ષિક આવક વર્ષ ૨૦૧૨-૧૩ અને ૨૦૧૩-૧૪ની ઓડિટ આવક ક્રમશઃ ૪૮.૮૪ અને ૪૪.૨૭ કરોડ થઈ છે. ગુજરાત વિધાનસભામાં આ અંગેની માહિતી આપવામાં આવી છે. યાત્રાધામ વિકાસ મંત્રાલય દ્વારા ગૃહમાં એક પ્રશ્નના જવાબમાં આ અંગેની માહિતી આપવામાં આવી છે. પાલનપુરનું પ્રતિનિધિત્વ કરનાર કોંગ્રેસના ધારાસભ્ય દ્વારા પુછવામાં આવેલા પ્રશ્નના જવાબમાં યાત્રાધામ વિકાસ મંત્રાલયના પ્રધાને આ અંગેની માહિતી આપી હતી. જવાબ મુજબ ઉત્તર ગુજરાતમાં સ્થિત અંબાજી મંદિરના પુજારીઓને વર્ષ ૨૦૧૨-૧૩માં તેમના પગાર અને હિસ્સેદારી તરીકે આશરે ૩૦ લાખ રૂપિયાની ચુકવણી કરવામાં આવી છે જ્યારે ૨૦૧૩-૧૪માં સરકારે આશરે ૨૦ લાખની ચુકવણી કરી છે. વર્ષ ૨૦૧૨-૧૩માં વિકાસ કામ માટે ૨૯૪૮૮૫૩૧૦ રૂપિયા ખર્ચ કરવામાં આવ્યા છે જ્યારે વર્ષ ૨૦૧૩-૧૪માં ૨૩૧૬૧૯૭૧૭ રૂપિયા ખર્ચ કરવામાં આવ્યા છે. સરકારે તેના જવાબમાં સ્પષ્ટતા કરી હતી કે, અંબાજી મંદિરને મળેલા દાનનો ઉપયોગ રાજભોગ રસોડા અને અન્ય ખર્ચ માટે કરવામાં આવે છે. તમામ ખર્ચ બાદ જે કંઈ પણ રકમ બાકી રહી ગઈ છે તે પુજારીઓને ચુકવી દેવામાં આવે છે. પ્રદિપસિંહ જાડેજાએ માહિતી આપતા કહ્યું હતું કે, શક્તિપીઠ અંબાજીના વિકાસ માટે વિવિધ વિભાગો દ્વારા ૭૧૪ કામ માટે ૬૧.૬૮ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો છે. અંબાજી દેવસ્થાન ટ્રસ્ટ દ્વારા ૧૯ કામ માટે ૧૮ કરોડનો ખર્ચ કરાયો છે. એટલે કે, કુલ ૮૧૩ કામ માટે ૨૪૩.૭૮ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો છે. અંબાજીમાં આરોગ્ય વિભાગ દ્વારા ૧૦૦ પથારીની એક હોસ્પિટલનું નિર્માણ કરવાનું આયોજન કરાયું છે. શક્તિપીઠના દર્શનાર્થે બે કરોડ ત્રણ લાખ ભાવિકો પહોંચે છે. ભારતના વડાપ્રધાન અને ગુજરાતના તત્કાલિન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ ૬૧ કરોડના ખર્ચે ૫૧ શક્તિપીઠ પ્રતિકાત્મકરુપે નિર્માણ કર્યું છે તેના પરિણામે દર્શાનાર્થીઓને એક જ સમયે એક જ સ્થળે વિશ્વભરની શક્તિપીઠના દર્શનનો લ્હાવો પ્રાપ્ત થાય છે.

### શ્રદ્ધાળુ ઉમટી પડ્યા....

અંબાજીમાં ૮૧૩ વિકાસ કામો માટે ૨૪૩ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો છે. અંબાજીમાં દર્શન માટે બે કરોડથી પણ વધુ શ્રદ્ધાળુઓ પહોંચ્યા છે. અંબાજી ખાતે હવે એક હોસ્પિટલનું નિર્માણ કરવાનું પણ આયોજન કરાયું છે.

| | |
|---|---|
| અંબાજીમાં વિકાસ કામ | ૮૧૩ |
| વિકાસ કામ માટે ખર્ચ | ૨૪૩ કરોડ |
| ૨૦૧૩-૧૪ની આવક | ૪૪.૨૭ કરોડ |
| ઓડિટ આવક | ૪૮.૮૪ કરોડ |
| પુજારીને પગાર | ૨૯.૬૫ લાખ |
| પુજારીને હિસ્સા પેટે ચુકવણી | ૨૦.૨૪ લાખ |
| શ્રદ્ધાળુઓ પહોંચ્યા | બે કરોડ ત્રણ લાખ |

# આસારામ-નારાયણ સાંઈ કેસમાં દસ્તાવેજોને આવકવેરા વિભાગને સોંપી દેવાયા

સુરત,તા. ૧૦

સુરત પોલીસે આસારામ બાપૂ અને નારાયણ સાંઈના મૂડીરોકાણ ખાતા સાથે સંબંધિત દસ્તાવેજોના ૪૨ બંડલો આવકવેરા વિભાગને સુપરત કરી દીધા છે. આ દસ્તાવેજો વર્ષ ૨૦૧૩ના પોલીસના દરોડા દરમિયાન અમદાવાદમાં આસારામના સમર્થકના ફ્લેટ પરથી કબજે કરવામાં આવ્યા હતા. નારાયણ સાંઈની શોધના ભાગરૂપે આ દરોડા પડાયા હતા. નારાયણ સાંઈ આસારામનો પુત્ર છે. આ બંડલોને પરત લેવા માટે આસારામના ચોક્કસ સાધકોએ ક્રાઈમ બ્રાંચના એક ઈન્સ્પેક્ટરને કરોડો રૂપિયાની ઓફર કરી હોવાના અહેવાલ પણ ભૂતકાળમાં આવી ચુક્યા છે. જો કે, પોલીસે સાધકોની ધરપકડ કરી હતી અને એક પોલીસ અધિકારીની પણ ધરપકડ કરવામાં આવી હતી. આસારામ અને નારાયણ સાંઈ જુદા જુદા કેસોમાં કાયદાકીય ગુંચનો સામનો કરી રહ્યા છે અને બંને હાલ જેલમાં છે. બળાત્કારના કેસો પણ તેમની સામે રહેલા છે. બંને જુદા જુદા કેસોમાં કાયદાકીય સકંજામાં છે અને હાલ કોઈ રાહત મળે તેવી શકયતા નહીંવત દેખાઈ રહી છે.

# સાબરકાંઠા જિલ્લામાં ક્ષતિરહિત અને અધિકૃત મતદારયાદી કાર્યક્રમનો આરંભ

## મતદારયાદી સુધારણા કાર્યક્રમ ચૂંટણીલક્ષી કામગીરીમાં પારદર્શિતા લાવશે : પી. સ્વરૂપ

હિંમતનગર, તા. ૧૦

કેન્દ્રીય ચંટણી પંચ ધ્વારા તા. ૩ માર્ચ ૨૦૧૫થી ક્ષતિરહિત અને અધિકૃત્ત મતદાર યાદી તૈયાર કરવાના ભાગરૂપે સાબરકાંઠા જિલ્લા શાખા ધ્વારા રાષ્ટ્રીય મતદાર યાદીની શુધ્ધતા અને અધિકૃત્તાતા યોજના કાર્યક્રામે આરંભ કરવામાં આવ્યો છે. જેની લોકો સુધી મહત્ત્વમ જાણકારી મળી શકે તેના આશયથી સાબરકાંઠા જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર પી.સ્વરૂપના અધ્યક્ષસ્થાને -ેસ કોન્ફરન્સ યોજાઈ હતી.



આ -સંગે કલેકટર સ્વરૂપે જણાવ્યું કે, મતદાતાઓના નામ રીપિટ ન થાય, નામ ફેરબદલી અને કમી કરવા તથા મતદારયાદી સંબંધિત તમામ ફરિયાદોને દૂર કરવામાં આ કાર્યક્રમ અતિ ઉપયોગી અને ચૂંટણીલક્ષી કામગીરીમાં વધુ પારદર્શિતા લાવનાર છે. આ કાર્યક્રમને કારણે મતદાનની પવિત્રતા પણ જળવાશે.

તા.૩ માર્ચ-૨૦૧૫થી આરંભાયેલી કામગીરીની વાત કરતા કલેકટર એ જણાવ્યું કે આ આધાર કાર્ડ સીડિંગ-મતદાર ફોટો ઓળખકાર્ડને આધારકાર્ડના ડેટા સાથે અધિકૃત્ત કરવું. આધાર કાર્ડ ન હોય તેવા કિસ્સામાં પાનકાર્ડ, પાસપોર્ટ, ડ્રાઈવીગ લાયસન્સ, નેશનલ પોપ્યુલેશન રજીસ્ટર નંબર અથવા રાષ્ટ્રીયકૃત્ત બેંકના ખાતાની પાસબુક પૈકીના કોઈ એક દસ્તાવેજ સાથે સાંકળી લેવામાં આવશે. ઉપરાંત મતદાર યાદીમાં નોંધણી, ભુલ સુધારણા અને નોંધમાં ફેરફાર-મતદારયાદીમાં એકથી વધુ નોંધ હોવા અંગેનું જાહેર કર્યુ હોય તો તેવા સંબંધિત મતદારોને તેની જાણ ૧૫ દિવસમાં કરવામાં આવશે. જેના માટે તા. ૧૨ માર્ચના રોજ બીએલઓ કેમ્પ યોજાશે. તેમ છંતા જો કોઈ મતદાતા આ સુવિધાથી વંચિત રહી જાય તો તા.૧૫ એ-િલ-૨૦૧૫ના રોજ બી.એલ.ઓ ઘરે ઘરે ફરી મતદારની નોધંણી કરશે એમ કલેકટરએ જણાવ્યું હતું.

આ માટે મતદારે તેના ચૂંટણી ફોટો ઓળખકાર્ડના નંબર સાથે આધારકાર્ડના નંબરની નોંધણી માટે, ચૂંટણી પંચની વેબસાઈટ www.eci.nic.in પર લોગઈન થઈ વિગતો આપવાની રહેશે. આ ઉપરાંત www.ceo. gujarat. gov. in પર પણ લોગઈન કરી રાષ્ટ્રીય મતદાતા સેવા પોર્ટલનો ઉપયોગ કરી શકાશે. ૫૧૯૬૯ પર <Voter ID card Number> Space< Aadhar Number> એસએમએસ કરી શકાશે. આ ઉપરાંત ચૂંટણીપંચ દ્વારા વિકસાવવામાં આવનાર અને સંભવતઃ માર્ચ/એ-િલ-૨૦૧૫ સુધીમાં ઉપલબ્ધ થનાર મોબાઈલ-એપ દ્વારા અરજી કરી શકાશે.

વધુમાં તેમણે જણાવ્યું કે, રાજય અને જિલ્લાકક્ષાના કોલ સેન્ટર ટોલ ફ્રી નં.૧૯૫૦નો પણ ફોન દ્વારા સંપર્ક કરી પોતાની નોંધણી અંગેની વિગતો રજૂ કરી શકાશે. એનેક્ષર-એ નમૂનામાં આધાર નંબર અને **EPIC** નંબરની વિગતો ભરીને તેની સાથે બંને દસ્તાવેજની ફોટોકોપી (મતદાર ફોટો ઓળખકાર્ડ અને આધારકાર્ડ) સાથે રજૂ કરી શકાશે. તા.૧૫ માર્ચ-૨૦૧૫ પછી મતદાર સુવિધા કેન્દ્ર, ઈ-ગ્રામ કેન્દ્ર, તાલુકાકક્ષાનું જનસેવા કેન્દ્ર પર ફોર્મની તમામ વિગતો ભરીને રજૂ કરી શકાશે. મતદાર યાદી સંબંધિત તમામ ફોર્મ્સ www.ceo. gujarat. gov.in પર ઓનલાઈન ભરી શકાશે.

તા.૩૧ જુલાઈ-૨૦૧૫ સુધીમાં મતદાર યાદીને ક્ષતિરહિત અને અદ્યતન બનાવવાનો લક્ષ્યાંક સિધ્ધ કરવામાં આવનાર હોય, કલેકટરએ આ કાર્યક્રમને અનુલક્ષીને રાજકીય પક્ષો, -ચાર--સાર માધ્યમો, સ્વૈચ્છિક સંસ્થાઓ, નાગરિક સેવા સંગઠનોને આ કામગીરીમાં સક્રિય સહકાર આપવા અનુરોધ કર્યો હતો. -ેસ કોન્ફરન્સમાં અધિક કલેકટર એસ.ડી.ધનાણી, નાયબ ચૂંટણી અધિકારી એફ.એ.બાબી, સહિત જિલ્લાના અધિકારીઓ ઉપસથિત રહ્યા હતા.

# અરવલ્લી જિલ્લાના મતદારોની યાદીને આધારકાર્ડ સાથે જોડવાની ઝુંબેશ શરૂ

મોડાસા, તા.૧૦

ભારતના ચૂંટણી પંચ દ્વારા મતદારયાદીની શુધ્ધતા અને અધિકૃતતા યોજના અંતર્ગત મતદાર યાદી સુધારણા અને મતદાર યાદીને આધાર કાર્ડ સાથે જોડવાની ઝુંબેશ શરુ કરવામાં આવી છે. અરવલ્લી જિલ્લામાં પણ હાથ ધરાયેલી કામગીરી વિષેની જાણકારી આપતા કલેકટર કચેરી ખાતે યોજાયેલ પત્રકાર પરીષદમાં વિગતો આપતા કલેકટર છાકછુઆકે જણાવ્યું હતું કે મતદારયાદીમાં આધારકાર્ડ સીડીંગ ઓનલાઈન **ceo.gujarat.gov.in** પર મતદારો કરી શકશે. ઉપરાંત ૫૧૯૬૯ ઉપર (વોટર આઈ કાર્ડ નંબર) સ્પેસ (આધાર નંબર) પ્રમાણે એસએમએસ કરીને અથવા ટોલ ફ્રી નંબર ૧૯૫૦ ઉપર રાજય કક્ષાના કોલ સેન્ટર ઉપર ફોન દ્વારા પોતાની વિગતો રજૂ કરીને જોડી શકાશે. સુધારા વધારા કરી શકાશે. અરવલ્લી જિલ્લાના તમામ મતદારોને આધાર કાર્ડ સાથે જોડાવાની કામગીરી થવાની છે. લોકો જાતે પોતાનું નામ જોઈને નિરિક્ષણ કરે તે જન સુધી પહોંચાડે તે જરુરી હોવાનું જણાવ્યું હતું. આ પત્રકાર પરિષદમાં અધિક કલેકટર એ.બી. પટેલ, જિલ્લા પુરવઠા અધિકારી જશવંતકુમાર



આગામી તા. ૧૨-૪-૧૫ના રોજ જિલ્લાના દરેક મતદાન મથક ઉપર બીએલઓ હાજર રહેશે. આ બીલઓને વિગતો આપીને મતદાર યાદીમાં જરુરી જરુરી હોવાનું કલેકટરશ્રીએ જણાવ્યું હતું.

આ ઉપરાંત કલેકટરશ્રીએ રાજકીય પક્ષોના પ્રતિનિધિઓ પણ જન જોગાડા, નાયબ ચૂંટણી અધિકારી રાણા, વરિષ્ઠ પત્રકાર તેમજ પ્રિન્ટ તેમજ ઈલેકટ્રોનિક મીડીયાના પ્રતિનિધિઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતાં.

# અમદાવાદ : સ્વાઈન ફલુથી ૫ના મોત

અમદાવાદ, તા.૧૦

અમદાવાદમાં સ્વાઈન ફલુના આજે નવા ૩૧ કેસો સપાટી ઉપર આવ્યા હતા જ્યારે વધુ બે લોકોના મોત થયા હતા. તંત્ર દ્વારા તમામ પગલા લેવાઈ રહ્યા હોવા છતાં કેસોની સંખ્યાની સાથે સાથે મોતનો આંકડો પણ વધી રહ્યો છે.

હજુ ઘણા લોકો સારવાર હેઠળ હોવાના અહેવાલ મળી રહ્યા છે. તંત્ર પણ સંપૂર્ણ પણે સજ્જ દેખાઈ રહ્યું છે. સ્વાઈન ફલુના કેસોની સંખ્યામાં ફેરફારની સ્થિતિ જોવા મળી હતી. જોકે ગુજરાતના અન્ય ભાગોની સરખામણીમાં અમદાવાદમાં કેસો વધુ નોંધાઈ રહ્યા છે. સ્વાઈન ફલુના આજે વધુ ૩૧ કેસો સપાટી ઉપર આવ્યા છે જેથી કેસોની સંખ્યામાં સતત વધારો થઈ રહ્યો છે. આજે મોતનો આંકડો વધીને ૮૨ ઉપર પહોંચી ગયો હતો. સારવાર હેઠળ રહેલા લોકોની સંખ્યા હજુ પણ ખુબ મોટી હોવાથી તંત્ર ચિંતાતુર છે. જનજાગૃતિના પ્રયાસો હજુ પણ ચાલી રહ્યા છે. નિષ્ણાતોનું કહેવું છે કે, તમામ પ્રકારના સાવચેતીના પગલા હવે અસર કરી રહ્યા છે અને કેસોની સંખ્યા ઘટી રહી છે. જો કે, સારવાર હેઠળ રહેલા લોકોને લઈને હજુ પણ ચિંતા પ્રવર્તી રહી છે. નવા કેસોની સાથે અમદાવાદમાં કેસોની સંખ્યા વધીને ૨૪૮૩ સુધી પહોંચી છે જ્યારે મોતનો આંકડો વધીને ૮૨ ઉપર પહોંચ્યો છે. સ્કૂલ, કોલેજો, જાહેર સ્થળો ઉપર વધારે સાવચેતી રાખવામાં આવી રહી છે. ભરચક વિસ્તારોમાં લોકો માસ્ક પહેરીને ફરતા નજરે પડી રહ્યા છે. હજુ પણ વધુ સાવચેતીની જરૂર છે. બોર્ડની પરીક્ષા ૧૨મી માર્ચથી શરૂ થઈ રહી છે અને બોર્ડની પરીક્ષામાં કુલ ૧૭ લાખથી પણ વધુ વિદ્યાર્થીઓ બેસી રહ્યા છે ત્યારે તંત્ર સામે મોટો પડકાર છે.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ

AGL TILES WORLD | Radhe ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર

મોર્ડન મોટર્સ

ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY

સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર

ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર
TATA
ઓથોરાઈઝ્ડ ડીલર
Castrol | EXIDE INDUSTRIES LIMITED | BRIDGESTONE PASSION for EXCELLENCE | JK TYRE

ઓથોરાઈઝ્ડ ડીલર : બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ, એકસાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦